

ગાંધીનગરમાં વિવિધ સેકટરોમાં હોળીના ઉત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ હતી. દરેક સેકટરોમાં આવેલી સોસાયટીઓમાં હોળી દહન યોજવામાં આવ્યું હતું. જેમાં બાળકોથી માંડીને દરેક વયની સ્ત્રીઓ અને પુરુષોએ, વૃધ્ધોએ હોળીના દર્શન કર્યા હતા અને શ્રીફળ, ધાણી, ખજૂર-ચણા વગેરે હોમી હોળીની પ્રદક્ષિણા કરી દર્શન કર્યા હતા. જીવનમાં રહેલા અનિષ્ઠને, અંધકારને, લોભ-લાલચ અને બુરાઈને બાળીને પવિત્રના પ્રાગટય, સત્ય, સંયમ અને સુખ-શાંતિના ઉદય માટે પ્રાર્થના કરવામાં આવી છે. શહેરના દરેક સેકટરોમાં હોળી દહન યોજાયું હતું. સેકટર-૨ ૩ની સૌરભ સોસાયટીના રહીશોએ પણ આનંદ અને ઉલ્લાસપૂર્વક હોળી પ્રગટાવી તેના દર્શનનો લાભ મેળવ્યો હતો. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# શહેરમાં ગરમીએ પોતાનો આકરો મિજાજ બતાવવાની શરૂઆત કરી

## શહેરના પિકનીક સ્થળો પર રાત્રે ભીડ જામવા લાગી

ગાંધીનગર, તા.૧૬

શહેરમાંથી ઠંડી સંપૂર્ણ પણે ગાયબ થઈ ગઈ છે અને ગરમીએ શહેરીજનોને પોતાનો મિજાજ બતાવી દીધો છે. આજે શહેરમાં ગરમીનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. ગરમીથી બચવા નાગરિકોએ પંખા, એસી ચાલુ કરી દીધા છે.

શહેરમાંથી શિવરાત્રીના દિવસથી શિવ શિવ કરતી ઠંડી ગાયબ થઈ ગઈ છે. અને હોળીના તહેવારથી પોતાનો આકરો મિજાજ નગરજનોને બતાવી દીધો છે. આજ રોજ ગરમીનું પ્રમાણ મહત્તમ ૩૮ ડિ.સે. અને લઘુત્તમ ૨૧ ડિ.સે. નોંધાવા પામ્યું હતું અને ભેજનું પ્રમાણ સવારે ૪૯ ટકા અને સાંજે ૧૯ ટકા નોંધાયું છે.

ગરમીની શરૂઆત શહેરમાં માર્ગો ઉપર દેખાઈ આવે છે. બપોરના સમયે નગરના નાગરિકોએ ઘરની બહાર નિકળવાનું ટાળવા માંડ્યું છે. બપોરે ૧૨ વાગ્યા પછીથી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી નાગરિકોની ચહલપહલ જોવા મળતી નથી. ગૃહિણીઓ, બાળકો અને વૃદ્ધો બપોરના સમયે ઘરમાં જ રહેવાનું યોગ્ય સમજે છે.

અચાનક ગરમીથી ઠંડા પીણાની દુકાનો, શેરડીના કોલાવાળા, બરફની લારીવાળાને અચાનક ઘરાકી વધી જવા પામી છે. ત્યારે રાત્રે ૯-૦૦ વાગ્યા પછી શહેરના પિકનીક પોઈન્ટો જેવા ઘ-૪ સર્કલ, ઈન્ફોસિટી, સેકટરોની ચોકડી ઉપર પબ્લિકના ટોળા જામવા લાગ્યા છે. ઠંડી હવા ખાવા શહેરના બાંકડાઓ પર પણ ભીડ જોવા મળે છે.

બપોરના સમયે ઘર, દુકાન, ઓફિસોમાં એસી, પંખા, અને કુલર ચાલુ કરવાની ફરજ પડી છે ત્યારે ગરમીની અસર ગરીબ લોકોને પણ થઈ રહી છે. ગરીબ અને મજુરી કરીને જીવન નિર્વાહ કરતા લોકોને ગરમીના કારણે વહેલું કામ સમેટી લેવું પડતું હોય છે.

બપોરે ટુ વ્હીલર લઈને નિકળતા વાહન ચાલકો પોતાના મોઢા અને હાથ ઉપર મોજાનો ઉપયોગ કરવા લાગ્યા છે. રોડ ઉપર મૃગજળ દેખાય છે. ગરમીથી શહેરીજનો પરસેવાથી રેબઝેબ થઈ જવા પામ્યા છે.

## સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૬

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા તા. ૧૮ માર્ચ, મંગળવારના રોજ બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક સુધી નંદુબા ચાવડાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૫૦૪-૧, સેકટર-૩-સી ખાતે આનંદનો ગરબો યોજવામાં આવશે. ભાવિ ભકતોને લાભ લેવા પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું છે.

## દર્શક ફાઉન્ડેશન અમદાવાદ દર્શક શતાબ્દી મહોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૬

દર્શક ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા દર્શક શતાબ્દી મહોત્સવ ઉજવશે. સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં ગ્રંથ વિમર્સ કાર્યક્રમ હેઠળ પુસ્તકોની ચર્ચા કરવામાં આવશે.

કાર્યક્રમમાં જાણીતા સામાજીક કાર્યકર ડૉ. પ્રકાશ આમ્ટે લિખિત પ્રકાશની પગદંડીઓ જેમાં આદિવાસીઓનું જીવન આલેખવામાં આવ્યું છે. તે ઉપર રાજેન્દ્ર પટેલ વક્તવ્ય પુરૂ પાડશે. તેમજ કવિશ્રી ચિનુ મોદી લિખિત ગઝલસંગ્રહ ખારા ઝરણ પર અશોક ચાવડા વક્તવ્ય આપશે.

## આજે વણકર સમાજની મિટીંગ મળશે

ગાંધીનગર, તા. ૧૬

સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ ગાંધીનગરના વણકર ભાઈઓની મિટીંગ તા. ૧૭મી માર્ચના રોજ સાંજે ૪ કલાકે શ્રી રામજી મંદિર, સરકારી પ્રાથમિક શાળા સામે, સેક્ટર-૩ડી ગાંધીનગરમાં રાખેલ છે. ઝાંઝરકાના ગાદીપતી મહંત શ્રી શંભુપ્રસાદજી રાજયસભામાં સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાતા તેમનું સન્માન કરવા અંગે વિચારણા થશે. જે.ટી. સિંધવ - સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ જણાવેલ છે.

# આવો, સૌ સાથે મળીને 'ઈકો ફ્રેન્ડલી હોળી' ઉજવીએ

## પાણીનો બગાડ કરવો નહી, કેમિકલ યુકત રંગો, ક્રુડ ઓઈલ, પેટ્રોલ અને ગ્રીસનો ઉપયોગ ના કરવો : કુદરતી રંગો વાપરવા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં હોળીનો ઉત્સાહ ચરમ સીમાએ પહોંચ્યો છે. ધુળેટીના દિવસે નગરવાસીઓ એકબીજાને રંગીને આ પરંપરાગત ઉત્સવ મનાવશે. જો કે હવે આ ઉત્સવની ઉજવણી કરતી વખતે આનંદના અતિરેકમાં પાણીનો બેફામ બગાડ કરાય છે અને કેમિકલ યુકત રંગોથી અથવા ઓઈલ અને કાદવ કિચડથી હોળી રમાય છે. હોળીના દહનમાં પણ લાકડાં માટે વૃક્ષોનો ખુડદો બોલાવી દેવામાં આવે છે. એક જવાબદાર નાગરિક તરીકે આપણી ફરજ છે કે આવો આપણે એવી રીતે હોળી-ધુળેટીનો તહેવાર ઉજવીએ જેથી પર્યાવરણનું પણ જતન થાય અને આપણો આનંદ પણ અકબંધ જળવાય.

ઈકો ફ્રેન્ડલી હોળી ઉજવવા આટલું કરીએ

- હોળી રમવા માટે પાણીનો બેફામ ઉપયોગ ટાળવો જોઈએ શકય હોય તો કોરા રંગથી હોળી રમવી જોઈએ. બાળકોને પણ હોળી રમવા માટે પાણીનો બગાડ કરતા અટકાવવો જોઈએ.
- હોળી રમવા માટે શકય હોય તો ત્યાં સુધી કુદરતી રંગોનો ઉપયોગ કરવો જોઈએ. ગુલાલ, અબીલ, કંકુ અને કેસૂડાનાં ફલોનો રંગ વાપરવો જોઈએ. બજારમાં મળતા કેમિકલ યુકત રંગો ત્વચાને નુકસાન પહોંચાડે છે અને ચામડીના રોગોના શિકાર બનાવે છે. કેટલાક લોકો ફળો કે શાકભાજી જેવા કે બીટ, દ્રાક્ષ, કેસૂડાં અને હજારીગલના ફૂલોનો કુદરતી રંગો મેળવવા ઉપયોગ કરે છે તે આવકારદાયક છે.
- પ્લાસ્ટીક એ પર્યાવરણનો સૌથી મોટી દુશ્મન છે. ધુળેટી રમતી વખતે પ્લાસ્ટીકની બેગ, રબરના ફુગ્ગા વગેરેનો વધુ પડતો વપરાશ પર્યાવરણ માટે નુકસાનકારક છે.
- કેટલાક લોકો ક્રુડ ઓઈલ, બળેલું ઓઈલ, પાકા કેમિકલ વાળા રંગો, પેટ્રોલ,ગ્રીસ વગેરેનો ધુળેટી કરવા માટે ઉપયોગ કરે છે. જે સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. એલર્જી ધરાવતા લોકો માટે મોટી મુસીબત સર્જી શકે છે વળી, ગંદા કાદવ-કીચડનો પણ ઉપયોગ પણ ટાળવો જરુરી છે. ઓઈલ, પેટ્રોલ અને ગ્રીસનો ઉપયોગ સદંતર ત્યજવો.

કુદરતી રંગો અને પાણીના બગાડ વગર રમાતી હોળી એક વાર રમી જુઓ પછી આપ પણ અનુભવશો કે હોળીનો તહેવાર ખરેખર કેટલો આનંદદાયી અને મસ્તીભર્યો છે. માટે આપણે સૌ નિશ્ચય કરીએ કે ઈકો ફ્રેન્ડલી હોળી રમીશું અને પર્યાવરણને બચાવીશું.

... ચાલો રે ચાલો હોળી રમીએ..!<br>
ઈકો ફ્રેન્ડલી હોળી રમીએ<br>
ફુગ્ગા-પ્લાસ્ટિકની કોથળી ત્યજીએ,<br>
સૌ સાથે મળી પર્યાવરણની રક્ષા કરીએ<br>
દ્રાક્ષ, ગલગોટા, બીટના રસથી,<br>
સરસ મજાની હોળી રમીએ<br>
જળચર જીવો બચાવીએ,<br>
ધરતીમાતાનું રક્ષણ કરીએ<br>
ચાલો રે ચાલો હોળી રમીએ.<br>
(સોર્સ : ઈન્ટરનેટ)

# કેનેડા વિઝા કૌભાંડની તપાસ આખરે એલ.સી.બી.ને સોંપાઈ

## તપાસ ધીમી ગતિએ ચાલતી હોવાના આક્ષેપ સાથે ડીઆઈજીપી સમક્ષ ઉગ્ર રજુઆત થઈ હતી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સેકટર-૧૬ ખાતેનાં ઓમ ઈમીગ્રેશનના સંચાલકો સહિત ૭ શખ્સોએ મળીને ૧૦થી વધુ લોકો પાસેથી કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાના બહાને લાખો રૂપિયા ખંખેરી કૌભાંડ કર્યુ હોવાનું બહાર આવ્યું છે ત્યારે ગુનો દાખલ થવા છતાં સ્થાનિક પોલીસ તપાસ ધીમી ગતિએ કરાતી હોવાનાં આક્ષેપ થતાં સમગ્ર કૌભાંડની તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને સોંપી દેવામાં આવી છે.

કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપી રૂ. ૧૦ લાખથી માંડીને રૂ. ૨૦ લાખ સુધી ગાંધીનગર તથા આસપાસના વિસ્તારના લોકો પાસેથી ખંખેરી લેવામાં આવ્યા છે. સમગ્ર કૌભાંડ બહાર આવતા અત્યાર સુધી ૧૦થી વધુ કૌભાંડનો ભોગ બનેલા લોકોએ પોલીસનો સંપર્ક સાધ્યો છે. પોલીસ ફરિયાદ થયે અઠવાડીયા ઉપર થઈ જવા છતાં આરોપી ઓમ ઈમીગ્રેશનના ૭ શખ્સોને પકડવામાં ન આવતા રેન્જ ડીઆઈજીપી સમક્ષ ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર કૌભાંડની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપવામાં આવી છે.

# બિયરના ટીન લઈને દાલબાટી ખાવા ઉપડેલા ત્રણ નબીરા પકડાયા

## સે. ૨૪ના ત્રણેય શખ્સોને ચિલોડા પોલીસે પકડી ૧૦ બિયરના ટીન સહિત રૂ. ૩.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટર-૨૪માં રહેતા ત્રણ નબીરાઓ ૧૦ બિયરના ટીન સ્વિફ્ટ ગાડીમાં મુકીને ચિલોડાની હોટલમાં દાલબાટી ખાવા ઉપડી ગયા હતા. ચિલોડા પોલીસે આ ત્રણેય નબીરાઓને ૧૦ બિયરના ટીન સાથે પકડી પાડી ધરપકડ કરી લઈ ગાડી સાથે રૂ. ૩.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૪ના આદર્શનગર વિસ્તારમાં રહેતા આશિષ અમૃતલાલ શાહ, મહેશ જગદીશ જયસ્વાલ અને ગીરીષ પાણાચંદ પરમાર ત્રણેય શખ્સો સ્વિફ્ટ ગાડી નં. જીજે-૧૮-એ.એમ.૧૧૫૩માં ૧૦ નંગ બિયરના ટીન મુકીને ચિલોડા ખાતે પુરોહીત હોટલમાં દાલબાટી ખાવા ઉપડ્યા હતા. ચિલોડા પોલીસની ટીમે પુરોહીત હોટલના પાર્કિંગમાંથી જ ત્રણેયને ૧૦ બિયરના ટીન સાથે પકડી પાડ્યા હતા. ત્રણેયની ધરપકડ કરીને ટીનનો જથ્થો તથા સ્વિફ્ટ ગાડી મળીને રૂ. ૩.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ પી.એસ.આઈ. પી.જે. પંડ્યાએ ભલામણોની વણઝાર વચ્ચે તપાસનો દૌર શરૂ કર્યો છે.

# ૯૦ મીટરના મકાનમાં ૧૨ શ્વાન સાથે રહેતા શહેરના અર્પણ પટેલ

ગાંધીનગર, તા. ૧૬

હાલના સમયમાં પોતાના ઘરે કોઈ મહેમાન આવે તો પણ સ્નેહીજનોને ગમતુ હોતુ નથી ત્યારે અતિથિ તુમ કબ જાઓગે ફિલ્મ યાદ આવી જાય. ત્યારે ફક્ત ૯૦ મીટરના મકાનમાં રહેતા નગરના અર્પણભાઈ પટેલ ઘરના સભ્યો અને ૧૨ શ્વાન સાથે રહીને અનોખો પ્રાણી પ્રેમ રાખી રહ્યા છે.




નગરના સેક્ટર-૩-એ-ન્યુમાં રહેતા અર્પણ પટેલ શ્વાન સાથે પોતાના માતા-વિણાબેન અને સ્વ. પિતા ઘનશ્યામભાઈનો વારસો જાળવી રાખ્યો છે. અર્પણભાઈ અંગ્રેજી સાથે સ્નાતક હોવા છતા પ્રાણી સાથેનો નાતો રાખી રહ્યા છે. ત્યારે તેમના સ્વ. પિતાએ તેમને કહ્યું કે માનવી ઉપકાર પર અપકાર કરશે, પરંતુ મૂંગા જાનવર ક્યારેય આવુ કરશે નહિ.

પોતાના પિતાના શબ્દોને યાદ રાખી પટેલ પાસે આજે ૧૨ શ્વાન છે જેમાં ગોલ્ડન રોટાઈવર, રોટવીલર, ગ્રેટડેન, જર્મન શેફર્ડ, લેબ્રાડોર, કુકર્સ જાતીના શ્વાનને પોતાના નાના મકાનમાં તમામ પ્રકારની તાલીમ આપી રહ્યા છે. મનુષ્ય કરતા મુંગા પશુ-પક્ષીઓ પાસે વાચા નથી પરંતુ લાગણીશીલ વધુ હોય છે.

તેઓ શ્વાન વિશે અનેક પ્રકારની ભ્રમણા રાખતા લોકોને કહે છે કે ફક્ત માંસાહાર આપવાની શ્વાનનો વિકાસ થાય તે વાત બિલકુલ સાચી નથી. શાકભાજી, ફ્રુટ, દૂધ, દહીં, માખણ જેવી ખાદ્યચીજો ખવડાવવાથી પણ વિકાસ થાય છે. તેમને શ્વાન પ્રત્યે હિંસક વર્તન કરતા લોકો પ્રત્યે રોષ ઠાલવતા કહ્યું હતું કે શ્વાન એક પ્રેમાળ પ્રાણી છે. તેની સાથે પ્રેમાળ વર્તન કરવાથી લાડ કરવાથી તે તમારા કુટુંબના સભ્ય જેવુ વર્તન કરે છે.

તેમણે કહ્યું હતું કે લોકો પોતાના ઘરમાં શ્વાન રાખે છે તેમણે વર્ષમાં બે વખત દાક્તરી તપાસ માટે લઈ જવા જોઈએ. પ્રાણીઓ અને પશુઓ માટે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર હોવા છતાં નાગરિકો આ હેલ્પલાઈનનો ઉપયોગ કરતા નથી અને મુંગા પ્રાણીઓ મોતને ભેટે છે. ત્યારે તેમને ખુબ જ દુઃખ થાય છે.

અર્પણભાઈ ફક્ત શ્વાન પ્રેમી જ નથી પણ કોઈપણ મુંગા પશુ-પક્ષી હોય તેના માટે અડધી રાત્રે પણ સેવા કરવા માટે જાગતા હોય છે. તેમણે નગરના નાગરિકોને અપીલ કરી છે કે નગરમાં કોઈપણ જગ્યાએ મુંગા પશુ-પક્ષી કે શ્વાનને કોઈપણ જાતની તકલીફ હોય તો તેમના મોબાઈલ ૮૪૬૦૩-૩૮૭૫૮ પર કોન્ટેક કરવા જણાવ્યું છે.

# સાદરાના મકાનમાં દરોડો પાડી પોલીસે દારૂનો જથ્થો પકડ્યો

## ૧૮ હજારના દારૂ-બિયરના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક સાદરા ગામના એક મકાનમાં દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસની ટીમે દરોડો પાડી મકાનમાંથી રૂ. ૧૮ જારના દારૂ-બિયરના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસને ગઈ સાંજે બાતમી મળી હતી કે સાદરા ગામના સુબાવાળા વાસમાં એક મકાનમાં દારૂનો ધંધો ચાલી રહ્યો છે જેને આધારે ચિલોડો પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. મકાનમાં તપાસ કરતા અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી વિદેશી ૫૧ નંગ દારૂની બોટલ તથા બિયરના ૧૪ નંગ ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૧૮,૩૦૦નો દારૂ-બિયર જપ્ત કરી બુટલેગર મુસ્તુફામિયા બચુમિયાની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે. પી.એસ.આઈ. એમ.ડી. પરમારે પ્રોહીબીશનના ગુનાની વધુ તપાસ આરંભી છે.

ટચુકડી

જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૭

સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૯ ટકા ● સાંજે ૧૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦

શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :

ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :

બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦

ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦

ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦

નેબર્સ : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦

ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦

ગુલાબ ગેન્ગ : ૩.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. સોમાભાઈ પૂંજાભાઈ પટેલ, ઉ.વ.૮૯, ૨૫, ગણેશ-૩, બગલો, રાયસણ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. જયંતિલાલ ત્રિભોવનદાસ નાયક ઉ.વ.૬૨, ૩૦-બાલાજી વિહાર, પેથાપુર, તા.જી. ગાંધીનગર.